# સેક્ટર-૫માં એક મકાનમાંથી અને પેથાપુર કસ્બામાંથી જુગાર પકડાયો

## કલોલ શાકમાર્કેટમાં વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૪ ગાંધીનગર શહેરના સેક્ટર-૫ બી ખાતે એક મકાનમાં જુગાર રમી રહેલા છ શકુનીઓને ગઈકાલે પોલીસે દબોચી લીધા હતા. સવા બે લાખ રૂપિયાની કિંમતના મુદ્દામાલ સાથે તમામ છ શકુનિની ધરપકડ કરી સેક્ટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ ગાંધીનગર એલસીબીની ટીમે પેથાપુર કસ્બામાં દરોડો પાડી જુગાર રમી રહેલા પાંચ શકુનિઓને પકડી પાડયા હતા તેમની પાસેથી એલસીબીની ટીમે ૩૩ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. જ્યારે ગાંધીનગર એલસીબીની ટીમે કલોલ શહેરના શાકમાર્કેટ પાસે પણ દરોડો પાડી ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહેલા શખ્સને પકડી પાડી તેની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.






મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસની ટીમે ચોક્કસ બાતમીના આધારે સેક્ટર-૫ બી પ્લોટ નંબર ૧૫૦૬/૨ ખાતે રહેતા સલીમ પઠાણ નામના શખ્સના ઘરે દરોડો પાડી જુગાર રમી રહેલા ૬ શકુનિઓને પકડી પાડ્યા હતા. પોલીસે સલીમ રસીદ પઠાણ, સેક્ટર-૫ બી પ્લોટ નંબર ૧૫૧૬/૨ ખાતે રહેતા હિતેશ કનૈયાલાલ બ્રહ્મભટ્ટ, સેક્ટર-૫ બી પ્લોટ નંબર ૧૪૮૬/૨ ખાતે રહેતા નફિસ રહેમતખાન ચૌહાણ, સેક્ટર-૩ સી પ્લોટ નંબર ૭૦૩/૨ માં રહેતા બ્રિજેશ લક્ષ્મણ પરમાર, સેક્ટર-૫ બી પ્લોટ નંબર ૬૦૧/૨ માં રહેતા કિરીટ મંગળસિંહ વાઘેલા અને બાબુલના તરફ જ વાસમાં રહેતા તોફીક અનવર શેખ મળીને ૬ શકુનિઓની રોકડ રૂપિયા ૩૭,૪૫૦ તથા ચાર મોબાઈલ અને ચાર વાહન મળી કુલ રૂ.૨,૨૩,૭૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ગાંધીનગર એલસીબી પીઆઈ જેડી પુરોહિતની ટીમે પેથાપુર કસ્બા વિસ્તારમાં દરોડો પાડી તીન પત્તીનો જુગાર રમાડી રહેલા મુસ્તુફાખાન બાબુખાન પઠાણ તથા બાજી માંડીને બેઠેલા અન્ય ચાર શખ્સો બહાદુરસિંહ નટુભા ગોહિલ(રહે.સે.૨ બી,પ્લોટ નં.૧૪૭૬/૨), લવારપુર ઈન્દિરા આવાસ યોજનામાં રહેતા મનોજ ખીમાજી ઠાકોર, જીઈબી કોલોનીમાં ટાઈપ-૪ મકાનમાં રહેતા લાલા ગોપાલભાઈ મદ્રાસી અને પેથાપુર જૈન દેરાસર પાછળ રહેતાં કિરીટ પૃથ્વીસિંહ ઝાલા મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રૂપિયા ૧૨,૭૫૦ તથા મોબાઈલ અને એકટીવા મળી કુલ રૂપિયા ૩૩,૨૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એલસીબીની ટીમે બાતમીના આધારે કલોલ શહેર શાકમાર્કેટ પાસે આવેલા પુલના છેડા ઉપરથી વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા રમણ શંકા ઠાકોર નામના શખ્સને રોકડ રૂપિયા ૨૬૦૦ તથા વરલીમટકાને લગતા સાહિત્ય સાથે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.







ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકીની આગેવાનીમાં વિજય માલ્યા અને અરૂણ જેટલીની મિટિંગનો વિરોધ દર્શાવવા માટે આજરોજ જિલ્લા પંચાયત ગાંધીનગર સામે રોડ પર અરૂણ જેટલીના પૂતળાનું દહન કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ તેમજ જિલ્લા યુવક કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેવું જિલ્લા યુવક કોંગ્રેસની અખબારી યાદીમાં જિલ્લા યુવક કોંગ્રેસના મહામંત્રી શિવનાથસિંહ રાઠોડે જણાવ્યુ હતું.

## સાબરકાંઠા જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં પ્રાંતિજના રતિલાલ ટેકવાણીની વરણી

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પત્રકાર રતિલાલ પી. ટેકવાણીની સાબરકાંઠા જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં વરણી કરવામાં આવી છે.



ગુજરાત સરકાર ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીએસી/ ૨૪૦૧૨/૧૪૦ સાબરકાંઠા જિલ્લાના પોલીસ સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં સલાહકાર સમિતિના સભ્યપદે રતિલાલ ટેકવાણીની વરણી થતાં સિંધી સમાજ અને મિત્રો તથા પત્રકાર મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. મહિલા સલાહકાર સભ્ય તરીકે વર્ષાબેન એમ. સથવારાની નિમણુંક થયેલ છે.

# ચંદ્રાલા પાસેથી દારૂની હેરાફેરી કરતુ નંબર પ્લેટ વગરનું ડાલુ પકડાયુ

## તુટેલા કાચના ભંગાર નીચે દારુ સંતાડીને લઈ જવાઈ રહ્યો હતો : બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૪ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એલ.ડી.વાઘેલા તેમની ટીમ સાથે ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર રાત્રે વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં દારુની હેરાફેરી કરતુ એક ડાલુ પકડી પાડ્યુ હતુ. ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી એક નંબર પ્લેટ વગર નું સફેદ રંગનુ ટાટા કંપનીનુ છોટાહાથી ડાલુ ચિલોડા તરફ આવી રહ્યું છે અને તેમાં તૂટેલા કાચના ભંગાર નીચે વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. ચિલોડા પોલીસની ટીમે ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વોચ ગોઠવી બાતમી વાળુ ઉપરોક્ત ડાલુ ત્યાંથી પસાર થતા તેને ઉભું રખાવી તપાસ કરી હતી. તૂટેલા કાચના ભંગાર નીચે તપાસ કરતા અંદરથી સંતાડેલો ૧૮ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને ડાલુ જપ્ત કરી કુલ રૂપિયા ૨,૮૬,૯૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી છોટા હાથીના ડ્રાઈવર અને બાજુમાં બેઠેલા સાગરીતની ધરપકડ કરી દીધી છે. રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના બંને આરોપીઓ રામેશ્વર ભેરુલાલ જાટ અને મુકેશ ભુરાલાલ તેલી નામનાં બંને શખ્સોની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.




# તલોદ ખાતે વૈષ્ણવ સંપ્રદાયના ત્રિદિવસીય ધાર્મિક સમારોહનું ભવ્ય આયોજન

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય પૂ. બાવાશ્રી વિઠ્ઠલરાયની છત્રછાયા હેઠળ અહીં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન શ્રી ગોકુલેશ સેવક વૈષ્ણવ સમાજ તલોદ દ્વારા કરવામાં આવેલ છે.

આગામી તા. ૨૮-૨૯ અને ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૮ શુક્ર-શનિ-રવિના ૩ દિવસ માટે શ્રીકૃષ્ણ મંદિર તલોદ પરિસરના મણિબા સત્સંગ હોલમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શોભાયાત્રા, બાવાશ્રીની પધરામણી, કંઠી દિક્ષા, વચનામૃત અને વિજય તિલક સહિતના સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૯-૯-૧૮ શનિવારની રાત્રે ગુણગાનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે.

આચાર્ય પૂ. વિઠ્ઠલરાયબાવાશ્રીનું આગમન તલોદનગરમાં ૧૮ વર્ષ બાદ થતું હોઈ તેઓને આવકારવા તથા તેઓની અમૃતવાણીનો લાભ લેવા તલોદ તાલુકાના, સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના અને અનેક નગર તથા ગામના વૈષ્ણવ પરિવારોમાં ભારે ઉત્સાહનો માહોલ ઉદ્ભવ્યો છે. સમગ્ર સમારોહને સફળ બનાવવા શ્રી ગોકુલેશ સેવક વૈષ્ણવ સમાજના અબાલવૃદ્ધ સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી છે.



## પ્રાંતિજ બીઆરસી ભવન ખાતે ફ્લેગ ડે દિનની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ બીઆરસી ભવન ખાતે અંધજન ફલેગ ડે દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે સર્વ શિક્ષા અભિયાન આઈઈડી વિભાગ અંતર્ગત બીઆરસી ભવન ખાતે ૧૪મી સપ્ટેમ્બર અંધજન ફલેગ ડે દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિકલાંગ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેવોમાં રહેલ શકિતઓ બહાર લાવવામાં આવી હતી અને પ્રજ્ઞાચક્ષુ બાળકો સામાન્ય બાળકોની જેમ જીવન જીવી શકે તે માટે પ્રાંતિજ ખાતે અંધજન ફલેગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહંત સુનીલદાસ મહારાજ, સર્વ શિક્ષા અભિયાન આઈઈડી વિભાગના જિલ્લા કો કો ઓડિનેટર કિર્તિસિંહ ચૌહાણ, બીઆરસી જીગ્નેશભાઈ, રસિકભાઈ પરમાર, જમનાદાસભાઈ વકિલ સહિત ઉપસ્થિત રહ્યા હતા. મંગલોદય સેવા પ્રતિષ્ઠા કામધેનુ ગૌશાળા અને જાયન્ટસ ગૃપ દ્વારા નોટબુક પેન સહિત બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અંબાજી કોલેજમાં ટ્રાફિક જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

અંબાજી, તા. ૧૪ આજે અંબાજી મંદિરની કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાન આપવાનો સેમિનાર યોજાયો હતો. અંબાજી કોમર્સ કોલેજના આચાર્ય હસમુખ પટેલ, વિદ્યાર્થી



ગુરુકૃપા સેવા ટ્રસ્ટ અને બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠનના સંયુક્ત ઉપક્રમે અંબાજી કોલેજમાં આજે ટ્રાફીક જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મોટી સંખ્યામાં શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં ટ્રાફિક સમસ્યા અને વધતા વાહનો માટે આવી રહેલા પડકારો માટે પુરતુ જ્ઞાન અને સમસ્યા માટે કઈ રીતે સચોટ ઊતરવું તે માટે માહિતી સંગઠનના યતીન રાવલ, કૌશલ જોષી હાજર રહ્યા હતા. આખા બનાસકાંઠામાં શરુ થનારા કાર્યક્રમની શરૂઆત અંબાજી શકિતપીઠથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય એ હતો કે વિદ્યાર્થીઓ ટ્રાફીકના નિયમોનુ પાલન કરી ટ્રાફિક અવેરનેસમાં સહભાગી થાય તે વાત પર ભાર મુકવામાં આવ્યો હતો.



## સરકારી ઈજનેરી કોલેજમાં થેલેસેમિયા ટેસ્ટ

ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજ ખાતે થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૭૪ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો છે. આ સાથે કેમ્પમાં વિદ્યાર્થીઓને થેલેસેમિયા અંગે માહિતીપ્રદાન કરવામાં આવી હતી. અમદાવાદના પ્રથમ બ્લડ સેન્ટરના સહયોગથી આ કેમ્પને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર એન.ડી. પટેલ તથા તેજસ પ્રજાપતિ, યાજ્ઞિક મોગા અને દર્શન સોલંકી તથા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

## ફુગાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંકડો ૪.૦૪ ટકા રહ્યો છે. શાકભાજીમાં ડિફલેશન ઓગસ્ટ મહિનામાં ૨૦.૧૮ ટકા રહ્યો છે જે અગાઉના મહિનામાં ૧૪.૦૭ ટકા હતો. ઓગસ્ટ મહિનામાં ફયુઅલ અને પાવર બાસ્કેટમાં ફુડ આર્ટિકલ્સમાં ડિફલેશનનો પ્રવાહ બે આંકડામાં રહ્યો છે. ડબલ્યુપીઆઈ અને રિટેલમાં ફુગાવા ઘટ્યા છે. ડેટા દર્શાવે છે કે, આંકડાના આધાર પર આરબીઆઈ દ્વારા હવે પોલિસી અંગે નિર્ણય કરવામાં આવનાર છે. આ નાણાંકીય વર્ષની ત્રીજી નાણાંકીય નીતિ સમીક્ષામાં આરબીઆઈએ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપિયામાં ઘટાડા, પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારાના દોર વચ્ચે હાલમાં સરકારને મોટી રાહત મળી હતી. કારણ કે, ઓગસ્ટ મહિનામાં રિટેલ ફુગાવાનો આંકડો ૧૦ મહિનામાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો હતો. રિટેલ ફુગાવાના આંકડો ઘટીને ૩.૬૯ ટકા સુધી નીચે પહોંચી ગયો હતો જે છેલ્લા ૧૦ મહિનામાં ઓછો દર છે. ગયા વર્ષની આ અવધિમાં રિટેલ ફુગાવાના આંકડો ૩.૨૮ ટકા હતો. આના કારણે ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. જુલાઈ મહિનામાં ખાદ્યાન્ન ફુગાવાનો દર ૧.૩૭ ટકા હતો જે ઓગસ્ટમાં ૦.૨૯ ટકા થઈ ગયો છે. રિટેલ ફુગાવાનો આંકડો જારી કરવામાં આવ્યા ાદ આરબીઆઈ પોતાની આગામી પોલિસી સમીક્ષાની બેઠકમાં રેટમાં વધારો કરી શકે છે. રિઝર્વ બેંકની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા છેલ્લી સમીક્ષામાં મોંઘવારી દરનો અંદાજ નાણાંકીય વર્ષ ૧૯ માટે ૪.૦૮ ટકાથી ઘટાડીને ૪.૭ ટકા કરી દીધો હતો.

## સાહિત્ય વૃત્ત ● ચોથા પાનાનું ચાલું

સે-૧૨, 'ગ' રોડ, ગાંધીનગર ખાતે યોજાશે જેમાં વાર્તાકાર રમણ માધવ (બોરસદ) પોતાની વાર્તાનું વાંચન કરશે, કવિ દાન વાઘેલા (ભાવનગર), સ્વરચિત કાવ્યોનું પઠન કરશે અને આ રચનાઓ અન્વયે વિચાર - વિમર્શ અને વિવેચન કરવામાં આવશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમમાં પધારવા; સભ્યો, સાહિત્ય-રસિકો, ભાવકોને જાહેર હાર્દિક નિમંત્રણ, સંસ્થાના પ્રમુખ ડૉ. મોહનભાઈ પરમાર તથા મંત્રી મૂળજીભાઈ દધિ દ્વારા પાઠવવામાં આવેલ છે.

- muljibhaidadhi@gmail.com

## ધાંધલ-ધમાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્ણ થયા બાદ ચર્ચા કરીએ તેવી ખાત્રીઓ આપ્યા પછી પણ કોંગીના સભ્યો શાંત પડ્યા ન હતા.

આ પછી મેયરે પગાર-ભથ્થા વધારાની દરખાસ્તને મતદાન પર મુકવાની જાહેરાત કરી હતી ત્યાં કોંગ્રેસ આક્રમક બની અને વોક આઉટની જાહેરાત સાથે મેયરની ખુરશી સુધી ધસી જવાનો પ્રયાસ કરતાં મેયરે પણ અશાંતિના માહોલને પારખી જઈ સભા પૂર્ણ થયાની જાહેરાત કરી દીધી હતી.

કોંગ્રેસના સભ્યો મેયરની ખુરશી સુધી જવાનો પ્રયાસ કરતા હતા ત્યારે ભાજપના કોઈ જ સભ્યો તેમની વ્હારે ગયા ન હતા. તેમને કોર્ડન કરવાનો પણ પ્રયાસ કર્યો ન હતો. જો કે મેયરે સમયસુચકતા વાપરી અને સભાનું કામકાજ પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

કોંગ્રેસ પક્ષ આ સભામાં તેની બેય દરખાસ્ત ફગાવી દેવામાં આવતાં આક્રમક રૂખ અપનાવશે તેવી રાજકીય વર્તુળોની શક્યતાઓને સાચી પાડી હતી. આજની સભામાં કોંગ્રેસના સભ્યો કાળી પટ્ટી પહેરી આવ્યા હતા પરંતુ સંરક્ષણાત્મક વ્યુહરચના અપનાવવામાં ભાજપની જ પીછીહઠ થઈ હોય તેવુ ચિત્ર ઉપસ્યુ હતુ. કોંગ્રેસની કાળીપટ્ટી સામે પણ ભાજપે વિરોધ ના કર્યો કે કોંગ્રેસના સભ્યો મેયરની ચેર સુધી જવા પ્રયાસ કર્યો ત્યારે સ્થાન છોડી મેયરને બચાવવામાં પણ ભાજપી સભ્યો ન આવતાં ભાજપમાં બધુ બરાબર થઈ ગયાની વાત ખોટી સાબિત થઈ હતી.

## ધડબડાટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફેરવી દેવાતા સેકટરવાસીઓમાં તંગદીલી સાથે ફફડાટ પ્રવર્તયો છે. સે-૨૪ માં તંત્રની દબાણ હટાવ ઝુંબેશ જારી છે.જયારે બીજીતરફ સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે પણ તંત્ર દ્વારા કડક કામગીરી હાથ ધરાઈ છે. સે-૭ માં છેલ્લા અઢી દાયકાથી કાર્યરત દવાખાનાઓ બંધ કરી દેવા તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. જયારે સે-૭ ઉપરાંત છેલ્લા બે દિવસથી સે-૩ થી ૬ માંપણ રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ ફુલીફાલી હોવાથી આ વિસ્તારમાં પણ ૫૦ જેટલા કિસ્સામાં કોર્મશિયલ પ્રવૃતિ બે દિવસમાં જ બંધ કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. આજે પણ દબાણતંત્રની ટીમના મહેશ મોડ સહીતના અધિકારીઓએ નવા સેકટરોમાં ગ માર્ગ પર ગ-૨ પાસે સ્થિત દુકાનો અને પાર્લરો ઉપરાંત સે-૨૨ માં પટેલ પાર્લર સહીતની દુકાનો અને પાર્લરો રહેણાંકમાં ધમધમતા હોવાથી આ જગ્યાએ પણ નોટીસ આપી બે દિવસમાં આ પ્રવૃતિ બંધ કરી દેવા જણાંવાયુ છે. તંત્ર દ્વારા રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિ મામલે ૫૦ જેટલા કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે. જયારે બે દિવસની મુદતના અંતે પણ આ પ્રવૃતિ બંધ નહીં કરવામાં આવી હોય તો સોમવારથી દુકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

## આફતરૂપ બન્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેરો વસુલીને હવે નાગરિકોને જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં નિરસતા દાખવતા કોર્પોરેશને દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી તે આવકાર્ય છે.પરંતુ અત્યાર સુધી દબાણ તંત્રની બેવડી નીતી અને વ્હાલા દવલાની નીતી પણ આમ નાગરિકોના રોષનુ કારણ બની છે. નગરના વી આઈ પી વિસ્તારમાં પણ દબાણોનુ દુષણ વિશેષ રીતે પાંગરેલુ જોવા મળી રહ્યુ છે. જો કે શહેરમાં હાથ ધરાયેલી વિકાસ પ્રવૃતિ અને તંત્રની જ મીઠી નજર હેઠળ પાંગરતા દબાણોના અંતે સાાડ ચાર દાયકા બાદ નગરનુ એક પણ સેકટર દબાણ તેમજ રહેણાંકમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિમાંથી બાકાત નથી. અત્યાર સુધી તંત્ર દ્વારા સમયાંતરે નિયમ મુજબ દબાણ દુર કરવા માટે નાટકીય નહીં પરંતુ કડક હાથે કામ હાથ ધર્યુ હોત તો આજે દબાણના ઓછાયા હેઠળ નભતા નાના વેપારીઓ અને આમ નાગરિકોએ પણ નારાજ થવાનો સમય ન આવ્યો હોત દબાણ દુર કરવાના મામલે તંત્રની મનસ્વી નીતી અને મીલીભગતના લીધે દબાણકર્તાઓ તરફ સતત મીઠી નજર મંડરાયેલી રહેતા નગરમાં દબાણની જટીલ સમસ્યા ડોકટરો, વેપારીઓ અને આમ નાગરિકો સહીત નગરજનો માટે વધુ મુંઝવણરૂપ પુરવાર થઈ રહી છે.

## અટવાઈ પડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકારે ૧-૪-૧૮ થી કાઉન્સીલરોનો પગાર-વધારો કરવાના હુકમો કર્યા છે જેને સામાન્યસભા મંજૂર કરવા જરૂરી હોઈ આજની સભામાં આ એક માત્ર એજન્ડા હતો પરંતુ છેલ્લી મિટીંગમાં ભાજપના સભ્યોની ગેરહાજરીનો મુદ્દો ઉગ્ર સ્વરૂપ બની ગયો હતો અને કોંગ્રેસની બેય દરખાસ્ત ભાજપની સંકલન સમિતિની બેઠક બાદ ફગાવી દેતાં આજે કોંગ્રેસે આક્રમક રૂખ અપનાવ્યુ હતુ. મેયરના બચાવમાં ભાજપના નેતાઓ કે કાઉન્સીલરો પણ આવ્યા ન હતા. આજે મેયરે કોંગ્રેસના સૌથી વધુ આક્ષેપોનો સામનો એકલે હાથે કર્યો હતો.

## ઈલેક્ટ્રોનિક દિવાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષિત કરી શકાશે. કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ કંઈક એ રીતે જ હશે જે તમામ સર્વિલન્સ ડિવાઈસીસથી ડેટાને રિયલ ટાઈમમાં રિસીવ કરશે. ત્યારબાદ સુરક્ષા બળ તરત જ કાર્યવાહીની સ્થિતિમાં આવી જશે. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું કે ભારતમાં ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ પર આધારિત આ વર્ચુઅલ ફેન્સ પોતાની તરફથી આ પહેલો પ્રયોગ છે. અધિકારીએ કહ્યું કે ઝૈંમ્સ્જીને એક એવા વિસ્તારની સુરક્ષા માટે ડિઝાઈન કરાયા છે જયાં ફિઝિકલ સર્વિલન્સ શકય નથી, પછી તે જમીની વિસ્તારના લીધે હોય કે નદીવાળી બોર્ડર. ટેકનિકલી સપોર્ટ મળતા સુરક્ષા બળોની તાકત વધુ વધશે.